| | | |
|---|---|---|
| **PUBLICATION NAME** | **:** | **Dhabkar** |
| **EDITION** | **:** | **Surat** |
| **DATE** | **:** | **22-06-2017** |
| **PAGE NO.** | **:** | **06** |
| **WEBLINK** | **:** | **No Link** |

---



જીએનએફસી ટાઉનશિપ ખાતે ભરૂચ જિલ્લા કક્ષાની યોગ દિનની ઉજવણી કરાઇ હતી.

# જીએનએફસી ટાઉનશિપ ખાતે ભરૂચ જિલ્લા કક્ષાની યોગ દિનની ઉજવણી કરાઇ

## સહકાર રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય સહિત જિલ્લાના આગેવાનો, અધિકારીઓ, સામાજીક-શૈક્ષણિક સંસ્થાઓ, પ્રબુધ્ધ નાગરિકો ઉજવણીમાં જોડાયા

ભરૂચ તા.૨૧

આજે ૨૧મી જૂને વિશ્વ યોગ દિનની ઉજવણી ભરૂચ જીએનએફસી ટાઉનશિપ ખાતે કરવામાં આવી હતી. વહેલી સવારે મહાનુભાવો અને બાળકો સહિત અંદાજે ૧૨૦૦૦ જેટલાં લોકોએ સંગીતના તાલે યોગામાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં સહકાર વિભાગના રાજ્ય મંત્રીઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઈ પટેલ, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસીયા, નગરપાલિકાના પ્રમુખ આર.વી.પટેલ, જિલ્લા આગેવાન યોગેશભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર સંદિપ સાંગલે, જિલ્લા વિકાસ અધિકારી ક્ષિપ્રા અગ્રે, જિલ્લા પોલીસ વડા સંદિપ સીંગ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઈશ્વરસિંહ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ભારતની પૌરાણિક પરંપરા યોગને સમગ્ર વિશ્વમાં ધર્મ, સરહદો અને મતભેદોના બાધ વિના આજનો દિવસ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષથી શરૂ થયેલી યોગ પ્રક્રિયા નિરંતર ચાલુ રહે તેવી અપેક્ષા સેવી હતી. તેમણે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે યોગ અત્યંત ઉપયોગી છે તેમ જણાવ્યું હતું. જિલ્લાની વહીવટી પાંખને આજના આ સુંદર આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

યોગની શરૂઆત પૂર્વે વડાપ્રધાનશ્રીનો સંદેશાઓ રજૂ કરવામાં આવ્યો હતો અને હળવી કસરત સાથે મહાનુભાવો સહિત અંદાજે ૧૨૦૦૦ જેટલાં લોકોએ સંગીતના તાલે યોગનું નિદર્શન રજૂ કર્યુ હતું.

જિલ્લા કલેક્ટર સંદિપ સાંગલેના માર્ગદર્શન મુજબ સમગ્ર વહીવટી ટીમ ધ્વારા ભરૂચ જિલ્લા કક્ષાનો યોગાનો કાર્યક્રમમાં એક અદભૂત અને નયનરમ્ય વાતાવરણ જોવા મળ્યું હતું. આગેવાન પદાધિકારી મારૂતિસિંહ અટોદરીયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની યુવા ટીમ સહિત અગ્રણી-પદાધિકારીઓ, મહાનુભાવો, અધિકારીઓ, વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓ, જેમાં પતંજલી યોગ, બ્રહ્માકુમારી સંસ્થા, આર્ટ ઓફ લીવીંગ સંસ્થા સહિત અનેક મંડળો, આશ્રમો, રોટરી કલબ, કલા મંડળો, સખીમંડળો, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રબુધ્ધ નાગરિક, શાળાના વિદ્યાર્થીઓ, યોગપ્રેમીઓએ યોગાના નિદર્શનમાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ભરૂચમાં સ્વાંમી નારાયણ મંદિર પરિસર, જે.પી.આર્ટસ કોલેજ, પ્રજાપતિ બ્રહ્માકુમારી-ઝાડેશ્વર, તપોવન સંસ્કૃત પાઠશાળા, ભરૂચ નગરપાલિકાકક્ષાએ માતરીયા તળાવ અને સી.એમ. પાર્ટી પ્લોટ, સીવીલ રોડ - ભરૂચ ખાતે યોગાનો કાર્યક્રમ યોજાયો હતો.

| | | |
|---|---|---|
| **PUBLICATION NAME** | **:** | **Loktej** |
| **EDITION** | **:** | **Surat** |
| **DATE** | **:** | **22-06-2017** |
| **PAGE NO.** | **:** | **02** |
| **WEBLINK** | **:** | **No Link** |

---

# विश्व योग दिवस पर योग के दीप जले



**दर्शन मकवाणा**

भरुच। 21 जून विश्व योग दिवस को भरुच जी.एन.एफ.सी. टाउनशिप में भव्यता से मनाया गया। अंदाजन 12000 लोगों ने संगीत की धुन पर योग में भाग लिया। कार्यक्रम में सहकार विभाग के राज्य मंत्री ईश्वरसिंह पटेल, भरुच के विधायक दुष्यंतभाई पटेल, पूर्व मंत्री खुमानसिंह वांसिया, नपा प्रमुख आर.वी. पटेल, जिला अग्रणी योगेशभाई पटेल, जिला कलेक्टर संदीप सांगले, जिला विकास अधिकारी क्षीप्रा अग्रे, जिला पुलिस अधिकारी संदीप सिंह मौजूद रहें। ईश्वरसिंह पटेल ने कहा कि भारत की पौराणिक परंपरा योग को समग्र विश्व में धर्म, सरहदों व मतभेदों के बंधन बिना अंतरराष्ट्रीय योग दिवस के तौर पर मनाया जा रहा है। उन्होंने कहा कि व्यक्ति के सर्वांगीण विकास के लिए योग अत्यंत जरुरी है। ब्रह्माकुमारी संस्था, आर्ट ऑफ लिविंग, सखी मंडलों, शैक्षणिक संस्थाओं, रोटरी क्लब, कला मंडलों सहित स्कूल के छात्रों ने योग में भाग लेकर अपने जीवन को संवर्धित करने का संकल्प लिया।